ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

બુધવાર ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

## સંક્ષિપ્ત સમાચાર

### સરસ્વતી વિદ્યામંદિર, કાલોલ ખાતે 'પરીક્ષા પે ચર્ચા-2026' કાર્યક્રમનું સફળ આયોજન



કાલોલ : કાલોલ સ્થિત સિદ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર ખાતે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત 'પરીક્ષા પે ચર્ચા-2026' કાર્યક્રમની 9મી આવૃત્તિનું ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વાલીઓ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંવાદનું જીવંત પ્રસારણ જોવા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં દેશભરના વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે પરીક્ષા જીવનનો અંત નથી, પરંતુ એક નાનકડો પડાવ માત્ર છે. પરીક્ષાને દબાણ વગર આપવાની તેમની પ્રેરણાદાયી વાતો અને વ્યવહારુ મંત્રો વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક સાંભળ્યા હતા. ખાસ કરીને ધોરણ 10 અને 12ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે સમય પાલન, આત્મવિશ્વાસ અને એકાગ્રતા અંગે આપેલા સૂચનો અત્યંત માર્ગદર્શક રહ્યા હતા. આ પ્રસારણ દરમિયાન વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

### કાલોલ મોઢ સમાજ મહિલા મંડળ દ્વારા ધોરણ 10 અને 12ના જ્ઞાતિના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવાઇ



કાલોલ : કાલોલ સ્થિત દશામોઢ સમાજની વાડીમાં મોઢ સમાજ મહિલા મંડળ દ્વારા આગામી બોર્ડ પરીક્ષાને ધ્યાનમાં રાખી ધોરણ 10 અને ધોરણ 12માં અભ્યાસ કરતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહિલા મંડળના પ્રમુખ યોગીતાબેન અતુલકુમાર શાહ તેમજ કારોબારી સમિતિની તમામ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ઉપયોગી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ વિદ્યાર્થીઓને આવનારી બોર્ડ પરીક્ષામાં આત્મવિશ્વાસ સાથે મહેનત કરી સારા ગુણ મેળવી સમાજ તથા દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મહિલા મંડળના સભ્યોએ વિદ્યાર્થીઓને પરીક્ષાને દબાણ વગર સામનો કરવા, સમયનું યોગ્ય આયોજન કરવા અને લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો.

### શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉજવણી કરાઇ



કાલોલ : બાળકોનું સ્વાસ્થ્ય સુધરે અને તેઓ કૃમિ મુક્ત બની તંદુરસ્ત જીવન જીવે તેવા શુભ આશય સાથે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉજવણી સિદ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ કાલોલ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર, ખાતે 10 ફેબ્રુઆરીના રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના તમામ વિદ્યાર્થીઓને આરોગ્ય વિભાગની સૂચના મુજબ 'અલ્બેન્ડાઝોલ'ની ગોળીઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે, બાળકોમાં જોવા મળતા પાંડુરોગ (એનીમિયા) અને કુપોષણનું મુખ્ય કારણ પેટમાં રહેલા કૃમિ હોય છે. કાલોલ અર્બન હેલ્થ સેન્ટરના ઈન્ચાર્જ સુપરવાઈઝર હિંમતસિંહ સિસોદિયા દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું કે નખ કાપવા, જમતા પહેલા હાથ ધોવા અને પગરખાં પહેરવા જેવી નાની બાબતો કૃમિના સંક્રમણને રોકવામાં કેટલી મહત્વની છે.

### પાવાગઢ તળેટી થી માંચી સુધીના 12.29 કરોડના રોડ રિસર્ફેસીંગ કામનું ભૂમિપૂજન



હાલોલ : પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ શ્રી મહાકાળી માતાજીના સાનિધ્યમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના માર્ગના 12.29 કરોડના ખર્ચે થનારા રોડ રિસર્ફેસીંગ કામનું ભૂમિપૂજન કાર્યક્રમ તા. 9 ફેબ્રુઆરી, સોમવારના રોજ યોજાયો હતો. આ પ્રસંગે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના કરકમળે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત ધાર્મિક વિધિ સાથે કરવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના કરીને રોડ રિસર્ફેસીંગ કામનું વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યથી યાત્રિકો તથા સ્થાનિક લોકોને સુવિધાજનક અને સુરક્ષિત માર્ગ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

---

**ગરબાડાના નવાફળીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

## પૂડાને એક પક્ષીએ ખલેલ પહોંચાડતા મધમાખીઓનું ટોળું ઉગ્ર બન્યું, બે વૃધ્ધોને અધમૂવા કરી નાખ્યા

બંને વૃદ્ધો ખેતરમાં ખેતીકામ કરી રહ્યા હતા દરમિયાન ઘટના બની



(પ્રતિનિધિ) ગરબાડા તા.2 દાહોદ જિલ્લાના ગરબાડામાં મધમાખીના ટોળાએ એકાએક હુમલો કરતા બે વૃદ્ધ ઈજાગ્રસ્ત થયા હતા જ્યારે એકની હાલત વધુ ગંભીર જણાતા તેમને સારવાર માટે થતા દાહોદ રીફર કરવામાં આવ્યા છે. બનાવની વધુ વિગત પ્રમાણે ગરબાડા તાલુકાના સીમલીયા બુઝર્ગ ગામમાં મધમાખીના હુમલામાં બે વૃદ્ધો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનામાં રંગલીબેન ભારતભાઈ રોઝ અને રત્નાભાઈ નેવાભાઈ નળવાયાને મધમાખીઓએ ડંખ માર્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, બંને વૃદ્ધો તેમના ખેતરમાં કામ કરી રહ્યા હતા. તે સમયે નજીકના લીમડાના વૃક્ષ પરના મધમાખીના પૂડાને એક પક્ષીએ ખલેલ પહોંચાડી હતી. આથી મધમાખીઓનું ટોળું ઉગ્ર બન્યું અને ખેતરમાં કામ કરી રહેલા વૃદ્ધો પર હુમલો કર્યો.મધમાખીના ડંખથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બંને વૃદ્ધોને તાત્કાલિક ગરબાડાના નવાફળીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ રંગલીબેન રોઝની હાલત વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા.

આમ સમગ્ર બનાવમાં ભોગ બનનારના પરિવારમાં ભારે દુ:ખની લાગણી વ્યાપી ગઈ છે.

---

**30 ખેડૂતોએ મેળવી પ્રાકૃતિક ખેતીની તજજ્ઞતા**

## ગોધરામાં ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત 'યુવા સંસ્થાકીય તાલીમ વર્ગ' સંપન્ન

ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો



(પ્રતિનિધિ) ગોધરા, તા.10 ખેડૂત તાલીમ કેન્દ્ર, ગોધરા અને આત્મા પ્રોજેક્ટ, પંચમહાલના સંયુક્ત ઉપક્રમે ગોધરા ખાતે ત્રિ-દિવસીય 'યુવા સંસ્થાકીય તાલીમ વર્ગ'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમના ત્રીજા અને અંતિમ દિવસે ગોધરા તાલુકાના પસંદ કરેલ ૩૦ જેટલા ઉત્સાહી યુવા ખેડૂત ભાઈઓએ પ્રાકૃતિક ખેતી અને આધુનિક કૃષિ પદ્ધતિઓનું સઘન માર્ગદર્શન મેળવ્યું હતું.

તાલીમ દરમિયાન આત્મા પ્રોજેક્ટ, પંચમહાલના પ્રોજેક્ટ ડાયરેક્ટર અને નાયબ ખેતી નિયામક (તા.) ભાવિન મહેતા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા આહવાન કરવામાં આવ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આયામો– જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપસા અને મિશ્ર જૈવ પાક વિવિધતા વિશે ઊંડાણપૂર્વક ટેકનિકલ સમજ પૂરી પાડી હતી. ખેડૂતો આગામી ઋતુથી જ આ પદ્ધતિ અપનાવી રાસાયણિક મુક્ત ખેતી કરે તે બાબતે ખાસ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કૃષિમાં વધતા જતા ટેકનોલોજીના ઉપયોગ અંગે કૃષિ ઈજનેરી કોલેજ, ધોળાકુવા (ગોધરા) ના કે.એલ.ડાભી દ્વારા "કૃષિમાં યાંત્રીકરણ" વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

---

### દાહોદમાં મોબાઈલ ટાવરો માટે લવાયેલા કેબલની ચોરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.10 દાહોદમાં શહેરના હાર્દ વિસ્તારમાં મોબાઈલ ટાવરની કામગીરી માટે મગાવેલા સામાન પૈકી કેબલ સહિત અન્ય વસ્તુઓ કેટલાક તસ્કરો ગત તારીખ બીજી ફેબ્રુઆરીના રોજ સવારના સાડા દસ વાગ્યા પહેલા કહેરમાં જુદી જુદી જગ્યાએ ટ્રાટકી પોતાનો કરતા અજમાવી મોબાઈલ કંપનીના નેટવર્ક માટે દાહોદ શહેરના બસ સ્ટેશન રોડ આર એન્ડ એલ પંડયા હાઈસ્કૂલની બહાર તથા શહેરમાં બીજી અલગ અલગ જગ્યાએ ઊભા કરવામાં આવેલા પીલરો જેમાં તસ્કરો રૂપિયા ૨.૩૮ લાખ ઉપરાંત ના BSNLના કેબલ વાયર તથા બ્લોક કોન ચોરી ગયાનુ જાણવા મળ્યુ છે. પોલીસે સમગ્ર મામલે કુલ મુદ્દામાલની ચોરીનો ગુનો નોંધી તસ્કરોનુ પગેરુ શોધી કાઢવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### આગામી તા.14મી ફેબ્રુઆરીના રોજ ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.10 તા. 14/03/ 2026 ને શનિવારના રોજ ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન આથી દાહોદ જિલ્લાના રહેવાસીઓને તથા લાગતા વળગતાં તમામ લોકોને જાણ કરવામાં આવે છે કે, (1) નામદાર રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ ન્યૂ દિલ્હીના આદેશથી નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ દાહોદ ખાતે ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ, જિલ્લા અદાલત દાહોદના અધ્યક્ષ સ્થાને તથા તાલુકા કક્ષાએ જેમાં ચેરમેન અને મેં. જ્યુડી.મેજિ. સાહેબના અધ્યક્ષ સ્થાને (1) દેવગઢ બારીયા (2) લીમખેડા (3) ઝાલોદ (4) ગરબાડા (5) ધાનપુર (6) ફતેપુરા (7) સંજેલી કોર્ટોમાં તા. 14-03-2026 ના શનિવારના રોજ સવારે 10 : 30 કલાકે નેશનલ લોક અદાલત યોજાનાર છે. (2) આ લોક અદાલતમાં દાહોદ જિલ્લાની તમામ કોર્ટોમાં ચાલતા (1) ક્રિમીનલ કમ્પાઉન્ડેબલ (2) નેગો. ઈન્સ્ટ્રૂ.એક્ટ ની કલમ 138 હેઠળના કેસો (3) બેંક રિકવરી વળતરના કેસો (4) વાહન અકસ્માતના રિપોર્ટવાળા કસો તથા દરખાસ્તો સહીત (5) કૌટુંબિક તથા લગ્ન જીવનને લગતા કેસો (6) શ્રમ યોગી સંબધિત તકરારને લગતા કેસો (7) જમીન સંપાદન હેઠળના કસો (8) વીજળી તથા લાઈટ બિલના કેસો (ચોરી શિવાયના કેસો ) (9) દીવાની કેસો જેવા કે ભાડુવાત સંબધિત, બેંક લેણાં તથા સિવિલ દરખાસ્તો કોર્ટમાં પેન્ડિંગ હોઈ તેવા કેશો લોક અદાલતમાં મૂકી પક્ષકારોની સંમતિથી સમાધાનથી ફેસલ કરી શકાશે.

### કાંકણપુરની કોલેજમાં ડૉ. એસ. એસ. રખિયાણિયાના ગઝલસંગ્રહ 'મહેકી હવાના ઘર તરફ'નું વિમોચન

ગઝલસંગ્રહની ભરપૂર પ્રશંસા કરી સૌને તે વાંચવા માટે પ્રોત્સાહિત કર્યા



(પ્રતિનિધિ) ગોધરા, તા. 10 કાંકણપુર સ્થિત જે.એલ.કે. કોટેચા આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ ખાતે પ્રો. ડૉ. એસ. એસ. રખિયાણિયા (શ્યામ ઠાકોર)ના દ્વિતીય ગઝલસંગ્રહ *'મહેકી હવાના ઘર તરફ'*નું વિમોચન સાહિત્યપ્રેમી માહોલમાં સંપન્ન થયું હતું. આ ગઝલસંગ્રહનું વિમોચન સુખ્યાત કવિ જયેન્દ્ર શેખડીવાળા અને જાણીતા ચિત્રકાર તથા અભિનેતા કનુ પટેલના કરકમળે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય જગદીશ પટેલે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. આ પ્રસંગે કવિ જયેન્દ્ર શેખડીવાળાએ સંગ્રહના મુખપૃષ્ઠથી માંડીને ગઝલોમાં વ્યક્ત થયેલા કાવ્યસૌંદર્ય, ભાવવિશ્વ અને ભાષાશિલ્પ અંગે પોતાની આગવી શૈલીમાં વિસ્તૃત વાત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે ગઝલસંગ્રહની ભરપૂર પ્રશંસા કરી સૌને તે વાંચવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. અતિથિ વિશેષ કનુ પટેલે પોતાના વક્તવ્યમાં ગઝલસંગ્રહ અંગે પ્રશંસાત્મક વિચારો વ્યક્ત કર્યા હતા તેમજ પોતે લખેલી પ્રસ્તાવનાની શાંત અને સંવેદનશીલ અભિવ્યક્તિ વિશે વાત કરી હતી. તેમના અભિનયસભર પ્રસ્તુતીએ ઉપસ્થિત સૌને મોહી લીધા હતા.

પુસ્તકના લેખક ડૉ. એસ. એસ. રખિયાણિયાએ પોતાની સાહિત્ય સર્જન યાત્રા અને ગઝલ રચનાની પ્રક્રિયા અંગે વિચારપ્રેરક વક્તવ્ય આપ્યું હતું. આ સાહિત્યિક કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પી. એમ. અમીને કર્યું હતું.

---

**MP-ગુજરાત બોર્ડર ઉપર ખેલાયા દિલધડક દ્રશ્યો**

## પોલીસે કારને રોકતા ભીલવામાં દારૂ ભરેલી ફોર વ્હીલ ગાડી પલટી ગઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.10 દાહોદ જિલ્લા પોલીસવાળા રવિરાજસિંહ જાડેજા અને ઈનચાર્જ ડીવાયએસપી જગદીશ ભંડારીના માર્ગદર્શન હેઠળ આવા હેરાફેરી કરતા બુટલેગરોને ઝડપી પાડી જેલ ભેગા કરી રહી છે. ત્યારે ગરબાડા પોલીસે મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડ થી ફોરવીલર ક્રેટા ગાડી ને ઉભી રાખવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બુટલેગરો ફિલ્મી ડબ્બે પોલીસને જોઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો બુટલેગરને પોલીસ ઝડપી પાડવા માટે પોલીસે તેનો પીછો કર્યો હતો. પરંતુ ભાગવાના ચક્કરમાં બુટલે દારૂ ભરેલી ગાડી ઉપરથી કાબુ ગુમાવ્યો હતો અને ગાડી ભીલવા નજીક પલટી મારી ગઈ હતી. પોલીસે બુટલેગરનો પીછો કર્યો હતો પરંતુ બુટલેગર અંધારાનો લાભ લઈને ભાગી છુટ્યો હતો પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની 1521 નંગ બોટલ જેની કિંમત રૂપિયા 3,36,783 એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા 3000 તથા creta ગાડી ની કિંમત પાંચ લાખ મળે કુલ રૂપિયા 8,39,783 રૂપિયાનો મુદ્દા માલ જપ્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અવાર નવાર બુટલેગરો મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવાની ટેકનિક વાપરતા હોય છે પરંતુ ગરબાડા પોલીસ સક્રિય બની છે અને ગરબાડા પોલીસ મથકના પી.આઈ એસ.એમ રાદડિયાના માર્ગદર્શન હેઠળ આવા બુટલેગરોને દારૂ સાથે ઝડપી પાડે છે.

---

**દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતોનો સિલસિલો યથાવત**

## ઝાલોદ તાલુકામાં જુદાજુદા બે સ્થળે અકસ્માતોમાં બે ઈસમોના મોત નીપજ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.10 દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામે હાઈવે પર સાંજના છ વાગ્યાના સુમારે બનવા હતો. જેમાં એક ફોરવીલ વાહનનો ચાલક તેના કબજાની જીજે ૨૦સીએ-૯૫૨૬ નંબરની નીષ્ઠ ગાડી ફોર ઝડપી અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી જાફરપુરા ગામે હાઈવે પર સામેથી આવતી જીજે ૧ડીપી-૧૯૧૪ નંબરની મોટરસાયકલને સામેથી જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમકવાર અકસ્માતમાં મોટરસાયકલ ચાલક ઝાલોદ તાલુકાના ખરસાણા ગામના વગેલા ફળિયામાં રહેતા પુનિયા ભાઈ રેવાભાઈ વગેલા તથા મોટરસાયકલ પર પાછળ બેઠેલ સૂકલીબેન તથા નીલમબેનને માથાના ભાગે, હાથ હાથે પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા તે ત્રણેય ઈજાગ્રસ્તો પૈકી પુનીયાભાઈ રેવાભાઈ વગેલાનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું

જ્યારે જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના કલજીની સરસવાણી ગામે રોડ પર મોડી સાંજના સાતેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેક્ટર ચાલક તેના કબજાનું ટ્રેક્ટર પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતી જીજે ૨૦ એ.એસ-૯૮૭૯ નંબરની મોટરસાયકલને અડફેટમાં લેતા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેને ઝાલોદ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

---

**ગોધરાની પી. એમ. કેન્દ્રિય વિદ્યાલય ખાતે સેમિનાર યોજાયો**

## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ શિક્ષણ અને ગ્રીન સ્કૂલ વિષયક માર્ગદર્શન અપાયું



(પ્રતિનિધિ) ગોધરા તા.10 આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકની કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના અબ્રાહમ પટેલના મુવાડા ખાતે આવેલ પી. એમ. કેન્દ્રિય વિધ્યાલયમાં વિદ્યાર્થીઓ માટે એક વિશેષ કારકિર્દી માર્ગદર્શન અને 'ગ્રીન સ્કૂલ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ સેમિનારમાં વિદ્યાલયના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા કુલ ૫૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ ઈજનેરી કોલેજના આચાર્ય અને વિદ્યાશાખા અધ્યક્ષ ડૉ. શિવામૂર્તિ શ્રીવાસ્તવે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં કૃષિ ક્ષેત્ર માત્ર ખેતી પૂરતું મર્યાદિત નથી.

પરંતુ બાયોટેકનોલોજી અને કૃષિ-ટેકનોલોજીના સમન્વયથી આ ક્ષેત્રમાં વિપુલ તકો રહેલી છે. તેમણે યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તથા તેમાં રહેલી રોજગારીની નવીન ભૂમિકાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પર્યાવરણ સુરક્ષા અને ઉર્જા બચતના મહત્વ પર પ્રકાશ પાડતા આર. ઈ. ઈ. વિભાગના વડા ડૉ. ડી. કે. વ્યાસે 'ગ્રીન સ્કૂલ' વિશે માહિતગાર કર્યા હતા.

તેમણે પ્રદૂષણ નિયંત્રણ, પુનઃ પ્રાપ્ય ઉર્જાના ફાયદા અને જળ સંચય (વોટર હાર્વેસ્ટિંગ) જેવી પદ્ધતિઓ અપનાવી શાળા અને સમાજને પર્યાવરણલક્ષી બનાવવાની હાકલ કરી હતી.

---

**પંચ દિવસીય પુરુષોત્તમપ્રકાશ કથાનુ સમાપન થયું**

## કાલોલના ખાતે સ્વામિનારાયણ મંદિરના પંચ દશાબ્દી મહોત્સવની ઉજવણી કરાઇ

ધર્મ કુળ અને વલ્લભ કુળની ઉપસ્થિતિમાં ભવ્ય શોભાયાત્રા નીકળી



(પ્રતિનિધિ) કાલોલ, તા.10 કાલોલ શહેરમાં વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાવતારી ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી વડતાલના લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદ મહારાજના શુભ આશીર્વાદથી તેમજ પુષ્પેન્દ્રપ્રસાદ મહારાજની શુભપ્રેરણાથી રંગાયેલા કાલોલ કાછિયાવાડ સ્થીત મંદિરમાં બિરાજમાન સંકલ્પસિદ્ધ ઘનશ્યામ મહારાજનો ૧૫મો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી લાલજી ભગવાનનો ૩ જો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભવ્ય પંચદશાબ્દી મહોત્સવ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ તેમજ લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ કાલોલ દ્વારા આયોજીત આ મહોત્સવ પ્રસંગે પંચદિનાત્મક નિષ્કુળાનંદ સ્વામી વિરચીત "શ્રી પુરુષોત્તમ પ્રકાશ" કથા પારાયણનું દિવ્ય આયોજન સ્વામી નારાયણ ધામ વિજય ટૉકીઝ પાસે જતન એન્જિનિયરિંગ ના કમ્પાઉન્ડમાં કરવામાં આવ્યુ હતુ જેના વક્તા પદે ગઢપુર નિવાસી સ્વામી છપૈયાપ્રકાશદાસજી તેમના સુમધુર કંઠે સંગીતના તાલ સાથે રસપાન કરાવ્યુ હતુ ૫ ફેબ્રુઆરીથી ૯ ફેબ્રુઆરી સુધીના પાંચ દિવસ સુધી ચાલેલ કથાના અંતિમ દિવસે ભાવી આચાર્ય નૃગેન્દ્રપ્રસાદ મહારાજ અને વૈષ્ણવાચાર્ય કુંજેશકુમાર મહારાજની વિશેષ ઉપસ્થિતીમા સમગ્ર કથાના યજમાન સ્ટેશન રોડ ખાતે કંચનલાલ ચંદુલાલ પટેલના નિવાસ સ્થાનેથી બેન્ડ વાજા સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.